# તુવેરના ભાવ મજબૂત રહેવાની સંભાવના, સંગ્રહ કરી માર્ચ, ૨૦૨૧ પછી વેચાણ કરવા નિર્ણય કરી શકાય

વિશ્વમાં, ભારત તુવેરનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. પરંતુ ભારતની સ્થાનિક વપરાશ માંગ વધારે હોવાને લીધે દર વર્ષે તુવેરની આયાત કરવી પડે છે. ચાલું વર્ષ ૨૦૨૦-૨૧માં શિયાળુ પાકોની પરિસ્થિતિ ખુબ જ સારી છે, જો કે ચોમાસામાં સતત વરસાદ તેમજ  ઓકટોબર, ૨૦૨૦ માં કમોસમી વરસાદ ને કારણે ખાસ કરીને ગુજરાત અને દક્ષિણ ભારતના રાજ્યોમાં અડદ અને તુવેરના પાક ને મોટા પાયે નુકસાન થયેલ છે.

સને ૨૦૧૮-૧૯ માં દેશમાં તુવેરનું ઉત્પાદન ૩૩.૧૫ લાખ ટન હતું, જે વધીને ૨૦૧૯-૨૦ માં ૩૮.૩૦ લાખટન થયેલ હતું. તેમજ સને ૨૦૧૮-૧૯ માં કુલ કઠોળનું ઉત્પાદન ૨૨૦.૭૬ લાખ ટન હતું, જે વધી ને ૨૦૧૯-૨૦ માં ૨૩૧.૧૫ લાખ ટન થયેલ છે. જો કે તુવેરનો ભાવ માર્ચ-અપ્રિલ, ૨૦૨૦, દરન્યાન ગુજરાત ની વિવિધ બજારોમાં મણના રૂા. ૯૬૦ ની આજુબાજુ હતો, જે વધીને મે, ૨૦૨૦ માં મણના રૂા. ૧૦૦૦ જેટલો થયેલ અને ત્યારબાદ ઓક્ટોબર, ૨૦૨૦ માં મણના રૂા. ૧૩૭૫ જેટલો થયેલ. હાલ જાન્યુઆરી, ૨૦૨૧ માં તુવેરનો ભાવ મણના રૂા. ૧૧૫૦ જેટલો પ્રવર્તમાન છે. જે થોડી વધ-ઘટ સાથે આ સ્તરે રહેવાની સંભાવના છે.

દેશમાં ચાલું વર્ષ ૨૦૨૦-૨૧માં તુવેરનું વાવેતર અંદાજે  ૪૬.૧૬ લાખ હેક્ટરમાં થયેલ છે અને ઉત્પાદન આશરે ૪૦ લાખ ટન જેટલું થશે. જે આગલા વર્ષ ની સરખામણી માં ૧.૭ લાખ ટન જેટલું વધારે છે, પરંતુ વર્ષ ૨૦૧૭-૧૮ ની સરખામણીએ ૩ લાખ ટન જેટલું ઓછુ છે. ગત વર્ષ (૨૩૦.૨ લાખ ટન) કરતા આ વર્ષે કુલ કઠોળનું ઉત્પાદન થોડું  વધારે થશે. ભારતમાં તુવેરની આયાત ૨૦૧૯-૨૦માં ૪.૫૦ લાખ ટન અને કુલ કઠોળની આયાત ૨૭.૨૪ લાખ ટન જેટલી થયેલ હતી. ચાલું  વર્ષ ૨૦૧૯-૨૦માં એપ્રિલ થી નવેમ્બર, ૨૦૨૦માં તુવેરની આયાત આશરે  ૧.૭૧ લાખ ટન અને કુલ કઠોળ ની આયાત ૧૪.૩૭ લાખ ટન જેટલી થયેલ છે.

ચાલું વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત માં તુવેરનું અંદાજીત વાવેતર ૨.૩૦ લાખ હેકટરમાં થયેલ છે જે ગત વર્ષ જેટલું જ છે અને પાક પરિસ્થિતિ સારી રહેલ હોય, ઉત્પાદન અંદાજે ૨.૫૪ લાખ ટન જેટલું થશે (બીજો આગોતરો અંદાજ તા. ૮-૧-૨૦૨૧) જે ગત વર્ષ (૨.૧૧ લાખ ટન) કરતા થોડું વધારે થશે.

ભારત સરકારશ્રીએ ખરીફ ૨૦૨૦-૨૧ના વર્ષ માટે તુવેરનો ટેકા નો ભાવ મણના રૂા. ૧૨૦૦  નક્કી કરેલ છે (૬૦૦૦ રૂા./કિવન્ટલ). જે ગત વર્ષે રૂા. ૧૧૬૦ હતો. ગત વર્ષે નાફેડ દ્વારા દેશમાંથી કુલ ૨ લાખ ટન જેટલી તુવેર, ટેકાના ભાવે  ખરીદવામાં આવી હતી, જે પૈકી ગુજરાત માંથી ૨૦ હજાર ટન જેટલી ખરીદી થયેલ હતી.

તુવેરનું ઉત્પાદન અને બજારના અહેવાલોને ધ્યાનમાં લઈ, વિશ્વસનીય બજાર તજજ્ઞતાના આધારે ખેડૂતભાઈઓને વેચાણ કરવા માટે યોગ્ય નિર્ણય લેવામાં ઉપયોગી થાય તે હેતુથી કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢની સંશોધન ટીમે દાહોદ માર્કેટિંગ યાર્ડનાં તુવેરના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જે વિશ્લેષણ મુજબ એવું તારણ છે કે **ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૨૧ દરમિયાન તુવેરનો ભાવ (કાપણી સમયે) મણના રૂા. ૧૧૦૦ થી ૧૨૦૦ (રૂા. ૫૫૦૦-૬૦૦૦/કિવન્ટલ) રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ, તુવેરનો સંગ્રહ કરવા તેમ જ માર્ચ, ૨૦૨૧ પછી વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જે ખેડૂતભાઈઓને તુવેરનો સંગ્રહ કરવો પરવડે તેમ ન હોય, તેઓ ટેકાના ભાવે (માર્કેટ યાર્ડમાં) ખરીદ કેન્દ્રો ખાતે વેચાણ કરે.

જો સરકારશ્રી દ્વારા કઠોળની આયાત ઉપર નિયંત્રણ રાખવા ઉંચી આયાત કર નીતિ ચાલુ રાખવામાં આવશે, તો કાપણીની ઋતુ પછી  તુવેરના ભાવ, ટેકાના ભાવથી થોડા ઉંચા જવાની સંભાવના છે.